# કમિશનરેટ ઓફ ટેકનિકલ એજ્યુકેશન, ગુજરાત

## એડમિશન કમિટી ફોર પ્રોફેશનલ કોર્ષિસ

એલ.ડી. કોલેજ ઓફ એન્જિનિયરિંગ કેમ્પસ, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૧૫.

# ધોરણ ૧૨ (વિજ્ઞાન પ્રવાહ) પછી ડિગ્રી ઈજનેરી અભ્યાસક્રમોમાં વર્ષ ૨૦૨૪-૨૫ માટે ઑનલાઈન પ્રવેશ કાર્યક્રમ

ધોરણ ૧૨ (વિજ્ઞાન પ્રવાહ) પછીના ડિગ્રી ઈજનેરી અભ્યાસક્રમોમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫ માં પ્રથમ વર્ષ પ્રવેશ માટે લાયકાત ધરાવતા ઉમેદવારો માટે સરકારી બેઠકોની વેબ આધારિત ઓનલાઈન પ્રવેશ પ્રક્રિયા હાથ ધરવાનો નિર્ણય લેવામાં આવેલ છે. જે અન્વયે ઉપલબ્ધ સરકારી બેઠકોમાં સરકારની અને અનુદાનિત સંસ્થાની તમામ બેઠકો, સ્વનિર્ભર સંસ્થાની માન્ય બેઠકોની ૫૦% બેઠકો સાથે મેનેજમેન્ટ બેઠકોની સુપ્રત કરેલ બેઠકો તથા સરકાર શ્રી દ્વારા જાહેર કરાયેલ સેન્ટર ઓફ એક્સેલેન્સની 33% બેઠકો સાથે સુપ્રત કરેલ બેઠકોનો સમાવેશ થાય છે.

**પ્રવેશ પ્રક્રિયામાં ભાગ લેવા માટે ઇન્ટરનેટ દ્વારા ઓનલાઇન રજીસ્ટ્રેશન ફરજિયાત છે.** ઇન્ટરનેટ સુવિધા ન ધરાવતા ઉમેદવાર કોઈપણ ચાર્જ ભર્યા વિના પ્રવેશ સમિતિ દ્વારા નિયુક્ત સાઈબર સ્પેસ સેન્ટર્સ **(સુચી વેબસાઈટ www.acpc.gujarat.gov.in પર ઉપલબ્ધ છે)** પર રજીસ્ટ્રેશન ની સુવિધા મેળવી શકશે.

## પ્રવેશની લાયકાત

**અ** — **સરકારી તથા અનુદાનિત સંસ્થાઓની માન્ય બેઠકોની ૯૫% બેઠકો અને સ્વનિર્ભર સંસ્થાઓની ૫૦ % બેઠકો માટે:**
પ્રવેશ ના નિયમોમાં ઉલ્લેખિત ગુજરાત રાજ્ય સ્થિત શાળાઓમાંથી અથવા ઉલ્લેખિત અન્ય જોગવાઈ સાથે લઘુત્તમ લાયકાત સાથે ધોરણ ૧૨ ની પરીક્ષા પાસ કરેલ હોય અને ગુજકેટ-૨૦૨૪ ની પરીક્ષામાં ઉપસ્થિત થયેલ હોય તેવા તમામ ઉમેદવારો ઉપરોક્ત બેઠકો માટે લાયક રહેશે.

**બ** — **સરકારી તથા અનુનાદિત સંસ્થાઓની માન્ય બેઠકોની ૫ % બેઠકો માટે:**
પ્રવેશ ના નિયમોમાં ઉલ્લેખિત સમગ્ર દેશમાં (ગુજરાત રાજ્ય સહિત) સ્થિત શાળાઓમાંથી લઘુત્તમ લાયકાત સાથે ધોરણ ૧૨ ની પરીક્ષા પાસ કરેલ હોય અને JEE(મેઈન)-૨૦૨૪ પરીક્ષામાં ઉપસ્થિત થયેલ હોય તેવા તમામ ઉમેદવારો ઉપરોક્ત બેઠકો માટે લાયક રહેશે.

**ક** — **સેન્ટર ઓફ એક્સેલેન્સ ની બેઠકો માટે:**
પ્રવેશ ના નિયમોમાં ઉલ્લેખિત અન્ય પાત્રતા ના માપદંડોને અનુરૂપ ગુજરાત રાજ્યમાં સ્થિત શાળાઓમાંથી નીચે જણાવ્યા મુજબ લઘુત્તમ લાયકાત પ્રાપ્ત કરેલ હોય અને સંબંધિત પ્રવેશ પરીક્ષામાં હાજર રહેલ હોય તેવા તમામ ઉમેદવારો ઉપરોક્ત બેઠકો માટે લાયક રહેશે.

### *MINIMUM QUALIFICATION*

- **Candidate shall have passed HSC examination having minimum 45% (40% for reservation category) in subjects prescribed by AICTE and notified by Government. The details of the same is available on www.acpc.gujarat.gov.in**

### *PROVISION OF MERIT*

- **95% seats of sanctioned intake of Government and Grant-in-Aid institutions & 50% seats of sanctioned intake of Unaided institutions:**
  Merit will be prepared based on merit marks of the 50% weightage of theory percentile issued by respective board in the subject of Mathematics, Physics and Chemistry (or Biology for eligible branches) and 50% weightage of the percentile of the GUJCET examination in corresponding subjects.
- **5% seats of sanctioned intake of Government and Grant-in-Aid Institutions:**
  Merit will be prepared based on All India Rank declared by NTA, Delhi based on JEE (Main) 2024.

- જે ઉમેદવાર પહેલાથી જ લાયકાતની પરીક્ષા પાસ કરેલ અને તે જ બોર્ડની સુધારણા પરીક્ષામાં હાજર થયો હોય અને અનુરૂપ વર્ષની ગુજકેટ પરીક્ષામાં આપેલ હોય તે સુધારણા પરીક્ષા નાં પરિણામ જાહેર થયાના તુરંત બાદના ઓનલાઈન પ્રવેશ રાઉન્ડમાં પ્રવેશ માટે લાયક ઠરશે જો કે ઉમેદવારે સંપૂર્ણ રજીસ્ટ્રેશન કરાવ્યું હશે તો જ લાયક રહેશે. પ્રવેશ સમિતિ દ્વારા ઓનલાઈન પ્રવેશ રાઉન્ડમાં નોન-એલોટમેન્ટ અને નોન-રિપોર્ટિંગ બેઠકોને કારણે ખાલી પડેલી જગ્યામાં નોંધાયેલા ઉમેદવારના આવા સુધારેલા મેરિટ નંબરને ધ્યાનમાં લેવામાં આવશે.
- બોર્ડ દ્વારા લેવામાં આવતી પૂરક પરીક્ષામાં બેસીને લાયકાતની પરીક્ષા પાસ કરી હોય તેવા ઉમેદવાર, સરકારી બેઠકો માટે તૈયાર કરાયેલ મેરિટ લિસ્ટમાં જેમનો સમાવેશ અગાઉ કરવામાં આવેલ છે તેવા તમામ ઉમેદવારોની બેઠકો ફાળવ્યા બાદ થયેલી ખાલી જગ્યા પર ચાલુ શૈક્ષણિક વર્ષમાં પ્રવેશ માટે લાયક ગણાશે.
- વધુ વિગતો માટે સમિતિની વેબસાઈટ પર ઉપલબ્ધ ગુજરાત સરકાર દ્વારા સમયાંતરે પ્રસિદ્ધ કરવામાં આવતા પ્રવેશના નિયમોનો સંદર્ભ લેવો અનિવાર્ય છે.
- ઉપરોક્ત જોગવાઇઓ (અ), (બ) અને (ક) ના માપદંડ ધરાવતા ઉમેદવારો ફક્ત એક જ રજીસ્ટ્રેશનથી તમામ પ્રકારની બેઠકો પર અરજી કરી શકશે.

### રજીસ્ટ્રેશન પ્રક્રિયા

- ઓનલાઇન રજીસ્ટ્રેશન ની પ્રક્રિયા તારીખ **૦૨-૦૪-૨૦૨૪** ના રોજ **બપોરે ૦૨:૦૦** વાગ્યાથી શરૂ થશે.
- ઓનલાઇન રજીસ્ટ્રેશન અને તેની રજીસ્ટ્રેશન ફી ભરવાની છેલ્લી તારીખ **૧૫-૦૫-૨૦૨૪ (સાંજે ૦૫:૦૦ કલાક)** રહેશે.
- ઉમેદવારે સંબંધિત ડોક્યુમેન્ટ અપલોડ કરીને રજીસ્ટ્રેશન ની પ્રક્રિયા પૂર્ણ કરવાની રહેશે અને રજીસ્ટ્રેશન ની ફી રૂ. ૩૫૦/- (નોન રિફંડેબલ) ઓનલાઇન મોડ દ્વારા ચૂકવવાની રહેશે.
- ઉમેદવારે કોઈપણ ડોક્યુમેન્ટ રૂબરૂ આપવાની અથવા તેની રૂબરૂ ચકાસણી કરાવવા જવાની જરૂર નથી. પ્રવેશ માટેની સંપૂર્ણ પ્રક્રિયા સંપૂર્ણપણે ઓનલાઇન છે.
- ઉમેદવારોને સલાહ આપવામાં આવે છે કે પ્રવેશ સમિતિની વેબસાઈટ અને લોગ-ઇન પોર્ટલ દ્વારા વિવિધ માહિતીઓ, ડોક્યુમેન્ટ ચકાસણી પ્રક્રિયા અને અન્ય માર્ગદર્શિકા સંબંધિત જાણકારી માટે રોજ મુલાકાત લેશો.

### acpc.gujarat.gov.in

**Notifications, Eligibility and merit preparation Rules, Advertisements and all types of announcements and updates related to entire admission process, e-Booklet etc.**

**List of Institutes and courses offered**

**List of designated Cyber Space centers**

**Admission Schedule, Common Merit List, Cut-off marks, Allotment result, Analysis of allotment results etc.**

### gujacpc.admissions.nic.in

**Online registration, payment of registration fees, Choice filling, Payment of token Tuition Fees for admission confirmation**

**Result of allotment, Admission Confirmation and cancellation (if required)**

**Payment of token Tuition Fees for admission confirmation**

### Designated Cyber Space Centers

**Time : 11 AM to 5 PM for all working days**

Providing free of cost online access for admission process

**Committee do not have any website other than mentioned here.**

### For any queries related to admission process

**Time : 8 AM to 12 Mid night**

**HELPLINE NO. 079-26566000**

**Note**

**All the aspiring candidates and their parents are advised to check the aforementioned websites of ACPC from time to time for all the latest information and updates on the admission process.**